# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫**

ફોન:(૦૨૭૬૬)૨૩૭૦૦૦ ફેક્સ: (૦૨૭૬૬)૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in, ce@ngu.ac.in Website:www.ngu.ac.in.


**ઓનલાઈન પરીક્ષા અંગે ખાસ અગત્યનું**

નં. પનિ / ખાનગી / ૧૨ / ૨૦૨૦

તા. ૧૧ / ૦૮ / ૨૦૨૦

પ્રતિ,
તમામ આચાર્યશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ, કો–ઓર્ડીનેટરશ્રીઓ
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી મિત્રો
હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

વિષય :– ઓનલાઈન પરીક્ષા અંગે...

માર્ચ–જૂન ૨૦૨૦ COVID-19ને કારણે સ્થગિત કરેલ અને બાકી રહેલ તમામ પરીક્ષાઓ યુનિવર્સિટી દ્વારા ટૂંક સમયમાં ઓનલાઈન પધ્ધતિથી લેવાનું નકકી કરેલ છે. નીચે જણાવેલ પરીક્ષાના પરીક્ષાર્થીઓના રજીસ્ટ્રેશન પૂર્ણ થયે વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.

| Sr. No. | EXAM NAME | | Sr. No. | EXAM NAME | | Sr. No. | EXAM NAME |
|---|---|---|---|---|---|---|---|
| 1 | B.A. Sem-VI | | 10 | M.B.A. Sem-II | | 19 | LL.M. Sem-II |
| 2 | M.A. Sem-II | | 11 | B.ED. Sem-II | | 20 | LL.M. Sem-IV |
| 3 | M.A. Sem-IV | | 12 | B.ED. Sem-IV | | 21 | M.S.W. Sem-II |
| 4 | B.COM. Sem-VI | | 13 | SP. B.ED. Sem-II | | 22 | M.S.W. Sem-IV |
| 5 | M.COM. Sem-II | | 14 | SP. B.ED. Sem-IV | | 23 | B.A. Performing Sem-VI |
| 6 | M.COM. Sem-IV | | 15 | PDIS Sem-II | | 24 | B.A. Performing Sem-VIII |
| 7 | B.SC. Sem-VI | | 16 | M.ED. Sem-II | | 25 | B.LIB. Sem-II |
| 8 | M.SC. Sem-II | | 17 | M.ED. Sem-IV | | 26 | M.LIB. Sem-II |
| 9 | M.SC. Sem-IV | | 18 | LL.B. Sem-VI | | 27 | M.SC. (CA&IT) Sem-VIII |

ઉપર જણાવેલ પરીક્ષાઓના રજીસ્ટ્રેશન માટે પરીક્ષાર્થીએ ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી આઈડી પાસવર્ડ માટે મોબાઈલ નંબર તથા ઈમેલ આઈડી અપડેટ કરવાનું ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.inમાં **Latest News & Events**માં **Update Mobile number and Email-Id for Online Exam**માં મુકેલ છે. જેમાં જે વિદ્યાર્થીઓએ ઉપર યાદીમાં દર્શાવેલ પરીક્ષાનું ફોર્મ ભરેલ હોય અને બેઠક નંબર યુનિવર્સિટી ધ્વારા ફાળવેલ હોય **તેવાં તમામે ડેટા અપડેટ કરવો ફરજીયાત છે.** જેથી ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી લોગ ઈન આઈડી તેમજ પાસવર્ડ આપના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ ધ્વારા તેમજ ઈમેલ આઈડી પર ઈમેલ ધ્વારા મોકલી શકાય.

તમામ પરીક્ષાર્થીઓએ ખાસ ધ્યાન રાખવાનું કે, એનરોલમેન્ટ નંબર તથા જન્મ તારીખ નાંખ્યા બાદ પરીક્ષાર્થીને જેટલા વિષયોની પરીક્ષા આપવાની હશે તે વિષયો દેખાશે. જો તેમાં વિસંગતતા એટલે કે પરીક્ષા આપવાની થતી હોય તે વિષયો કરતાં વધારે કે ઓછાં વિષય જણાય તો પરીક્ષાર્થીએ hngusubjectcurrect@gmail.com Email-ID ઉપર છેલ્લી પરીક્ષાની માર્કશીટ તેમજ તમામ વિગતો સાથે Email કરવાનો રહેશે.

**ઓનલાઈન પરીક્ષા માટે મોબાઈલ નંબર – ઈમેલ આઈડી અપડેટ કરવાની સમયમર્યાદા**

**શરૂ થવાની તા: ૧૨ / ૦૮ / ૨૦૨૦**
**પુર્ણ થવાની તા. ૧૫/૦૮/૨૦૨૦એ બપોરે ૧૨:૦૦ કલાક સુધી**

**ખાસ સૂચના :–**
**બી.એ. સેમ–૬, બી. કોમ. સેમ–૬, બી.એસ.સી. સેમ–૬ તથા બી.એડ. સેમ–૨ અને ૪ની પરીક્ષાનો મોક ટેસ્ટ તા. ૧૬/૦૮/૨૦૨૦ના રોજ લેવામાં આવશે. આ અંગેની તમામ વિગતો સમય, આઈડી, પાસવર્ડ વગેરે તા. ૧૪/૦૮/૨૦૨૦ના રોજ સાંજે યુનિવર્સિટીની વેબસાઈટ પરથી જાહેર થશે.**

**ઓનલાઈન પરીક્ષા અંગે જરૂરી સુચનાઓ આ સાથે સામેલ છે.**

(મિતુલ દેલીયા)
કા.પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ / સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ /સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડીનેટરશ્રી  તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.

**<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :</u>**

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર – ગુજરાત તરફ

૩. કુલપતિશ્રી / કુલસચિવશ્રી / મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ જાણ સારુ.

૪. મદદનીશ કુલસચિવશ્રી, કચેરી અધિક્ષકશ્રી, હેડ કલાર્ક (પરીક્ષા તથા એકેડેમિક શાખા).

૫. કાર્યાલય / પરીક્ષા વિભાગ નોટીસ બોર્ડ.

૬. હેમ.ઉ.ગુ.યુનિ. પૂછપરછ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.

૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી (વેબસાઈટ પર મૂકવા માટે).

૮. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ તરફ પરિપત્રની ફાઈલ અર્થે.

૯. સંબંધિત પરીક્ષાર્થીઓ તરફ જાણ સારુ.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
# ઓનલાઈન પરીક્ષાઓને લગતી મહત્વની સુચનાઓ

૧. તમામ પરીક્ષાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.inમાં **Latest News & Events**માં **Update Mobile number and Email-Id for Online Exam**માં જઈ અપડેટ કરવો ફરજીયાત છે. જેથી ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી લોગ ઈન આઈડી તેમજ પાસવર્ડ આપના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ ધ્વારા તેમજ ઈમેલ આઈડી પર ઈમેલ ધ્વારા મોકલી શકાય.

૨. પરીક્ષાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકેલ પરીક્ષાના કાર્યક્રમમાં જણાવેલ તારીખ અને સમય પ્રમાણે પરીક્ષા શરૂ થવાના નિયત સમય પહેલાં અને ત્યારપછીના દરેક પ્રશ્નપત્રની પરીક્ષા શરૂ થવાના નિયત સમય પહેલાં ઓનલાઈન પોર્ટલમાં તેમને આપવામાં આવેલ આઈડીથી લોગ ઈન થવાનું રહેશે.

૩. **પરીક્ષા સમય દરમ્યાન કોઈપણ પુસ્તક કે કાગળ સાથે રાખવાની મનાઈ કરવામાં આવે છે. તેમજ પરીક્ષાર્થી પરીક્ષા ચાલુ થયા પછી પોતાના ડીવાઈસ (મોબાઈલ કે કોમ્પ્યુટર)માં બીજી કોઈ એપ્લીકેશન કે વીન્ડો ખોલી શકશે નહીં. જો બે કે તેથી વધુ વખત પરીક્ષાર્થી ધ્વારા આવા પ્રયત્નો કરવામાં આવશે તો તે પરીક્ષાર્થીની પરીક્ષાનો સમય આપમેળે પૂર્ણ થઈ જશે.**

૪. ઓનલાઈન પરીક્ષા આપતી વખતે દર મિનિટે પરીક્ષાર્થીનો ફોટો પણ લેવામાં આવશે. જેથી વિદ્યાર્થીની ઓળખ કરી શકાય.

૫. ઓનલાઈન પરીક્ષામાં જે પરીક્ષાર્થીઓ ડેસ્કટોપ (પર્સનલ કોમ્પ્યુટર)થી આપે છે તેમના માટે પરીક્ષાના સમય દરમ્યાન કીબોર્ડ લોક રહેશે. જેથી કોઈ પરીક્ષાર્થી પરીક્ષાના સમય દરમ્યાન કોઈ બીજી એપ્લીકેશન ખોલી ન શકે તેમજ ઉપયોગ ન કરી શકે. તેમજ જે પરીક્ષાર્થીઓ મોબાઈલ ધ્વારા ઓનલાઈન પરીક્ષા આપે છે તે પરીક્ષાર્થીઓ પરીક્ષા સમય દરમ્યાન સ્ક્રીનને મીનીમાઈઝ કરશે તો તેનો સમય પણ નોંધવામાં આવશે. તે અંગે યુનિવર્સિટી નિર્ણય કરશે.

૬. એક પ્રશ્ન માટે એક મીનીટનો સમય આપવામાં આવશે. એક વખત પ્રશ્નનો જવાબ આપ્યા બાદ બદલી શકાશે નહી તેમજ પાછા તે પ્રશ્ન પર જઈ શકાશે નહી.

૭. પરીક્ષાર્થીઓને પરીક્ષા માટે નીચે મુજબ સમય ફાળવવામાં આવશે. ક્રમ

| ક્રમ | સમય | કાર્ય |
|---|---|---|
| ૧. | પ્રથમ ૨૦ મીનીટ | લોગ ઈન થવા માટે તેમજ પરીક્ષાલક્ષી સુચનાઓ માટે ૨. |
| | ૨૧થી ૯૦ મીનીટ | પ્રશ્નોના જવાબ આપવા માટે (કુલ ૭૦ મીનીટ) |
| ૩. | વધારાની ૩૫ મીનીટ | ઓનલાઈન પરીક્ષા દરમ્યાન ઈન્ટરનેટ કનેકટીવીટી ખોરવાઈ જાય અથવા અન્ય કોઈ ખામી સર્જાય તેના માટે |

આમ પરીક્ષાર્થીઓએ પરીક્ષા માટે ફાળવેલ ૨૦ + ૭૦ + ૩૫ (જરૂર જણાય તો – જો તમારી ઓનલાઈન પરીક્ષામાં વિક્ષેપ આવે તો તે માટેનો વધારાનો સમય) = ૧૨૫ મિનિટ સમય મર્યાદામા ૭૦ MCQની પરીક્ષા પૂર્ણ કરવી આવશ્યક છે. ૭૦ MCQની પરીક્ષા અવધિ પછી પરીક્ષા આપમેળે સમાપ્ત થઈ જશે.

ખાસ જણાવવાનું કે, જો પરીક્ષાર્થીને ઓનલાઈન પરીક્ષામાં વિક્ષેપ આવે તો પરીક્ષાર્થીએ પાછા લોગઈન થવું પડશે અને જયાં અટકયા હશે તે પ્રશ્નથી જ આગળની પરીક્ષા શરુ થશે.

૮. પરીક્ષા આપતી વખતે પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસે અન્ય કોઈ વ્યકિત હાજર રહી શકશે નહી.

૯. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ, તારીખ અને સમયને લગતી વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મેળવી લેવી.